# અંકલેશ્વર પાલિકાની સામાન્ય સભામાં ૪૭ વિકાસ અને વહીવટી કામો મંજૂર

**અંકલેશ્વર** મધ્યમાંથી પસાર થતો મુખ્ય માર્ગ પીડબ્લ્યૂડી ખાતા પાસેથી નગરપાલિકા હસ્તક લેવાનો ઠરાવ કરાયો

અંકલેશ્વર: અંકલેશ્વર નગરપાલિકાની ક્વાર્ટલી જનરલ બોર્ડની મિટિંગ સોમવારે પાલિકા સભાખંડ ખાતે યોજાઈ હતી, જેમાં ૪૭ જેટલા વિવિધ વિકાસ તેમજ વહીવટી કામોને શાસક પક્ષે બહુમતીના જોરે બહાલી આપી હતી. ગણ્યાગાંઠ્યા વિપક્ષી સભ્યોએ અનેક કામોમાં વિરોધ વ્યક્ત કર્યો હતો.

અંકલેશ્વર નગરપાલિકાની બોર્ડ મિટિંગ સોમવારે પાલિકા પ્રમુખના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી, જેમાં આગામી વર્ષ દરમિયાન થનારાં વિકાસ કામોના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં શાસક પક્ષને સફળતા હાંસલ થઈ હતી. સૌથી અગત્યનો ઠરાવ અંકલેશ્વર ઓએનજીસી ઓફિસથી ભરૂચી નાકા વચ્ચેના અને અંકલેશ્વર નગરની મધ્યમાંથી પસાર થતા મુખ્ય માર્ગને પીડબ્લ્યૂડી ખાતા પાસેથી નગરપાલિકા હસ્તક લઈ લેવા અંગેનો હતો. જેનો વિપક્ષના સભ્યએ જોરદાર વિરોધ કર્યો હતો. તો તેમના સૂરમાં શાસક પક્ષના કેટલાક સભ્યોએ સૂર પુરાવ્યો હતો. જો કે, પક્ષની શિસ્તને લઈ તેઓ ખુલ્લી રીતે વિરોધ કરી શક્યા ન હતા.

આ ઉપરાંત આ સામાન્ય સભામાં ડ્રેનેજ, પાણી, રોડ રસ્તા ઉપરાંત શાળા, ફાયર વિભાગનાં અમુક કામો, નગરપાલિકાની માલિકીની ભાડાપટે અપાયેલી મિલકતોના ભાડામાં વધારો, સુકાવલી સાઈડને નિ:શુલ્ક ધોરણે ખાનગી એજેન્સીને કચરો ઉઠાવવાના કરાર સંબંધે ઠરાવોને બહાલી આપવામાં આવી હતી.

# વ્યારા સ્ટેશન નજીકનાં દબાણ હટાવમાં ભેદભાવ

**દબાણ** દૂર કરવાની પાલિકાની બેધારી નીતિથી લોકોમાં રોષ, ચોક્કસ વિસ્તારમાં કામગીરી ન થતી હોવાનો આક્ષેપ



વ્યારા: વ્યારા શહેરના સ્ટેશન રોડ વિસ્તારમાં બ્યુટિફિકેશન નજીક લારી-ગલ્લાનાં અમુક દબાણો જ ચીફ ઓફિસરના આદેશથી દૂર કરાતાં ફરી એકવાર પાલિકાની દબાણ ખસેડવાની કામગીરી શંકાના દાયરામાં મુકાઈ છે. દબાણ ખસેડવા વહાલાદવલાની નીતિ સામે આક્રોશ ઠાલવતાં દબાણધારકો સાથે વગર કારણે કર્મચારીઓએ ઘર્ષણમાં ઊતરવું પડ્યું છે. પાલિકાના ચીફ ઓફિસરે જૂના બસ સ્ટેન્ડ અને સુરતી બજાર વિસ્તાર સહિતનાં દબાણો દૂર કરવા હજુ સુધી કોઈ નક્કર પગલાં ભર્યાં નથી.

નગર પાલિકાથી માત્ર ૧૦૦ મીટરના અંતરે જ ૨૫થી વધુ લારી ગલ્લાનો ખડકલો ફૂટપાટ પર ખડકી દેવામાં આવ્યો છે. પાલિકાના ચીફ ઓફિસર આ દબાણો દૂર કરતાં નથી. ચોક્કસ વિસ્તારમાં દબાણ દૂર કરવાની કામગીરી થતી નથી. દબાણ દૂર કરવાની કામગીરી ન્યૂસન્સ જોઈને નહીં પણ વિસ્તાર જોઈને કરાતી હોવાની ફરિયાદ મોટા પાયે ઊઠી રહી છે. દબાણ માટે કુખ્યાત માર્કેટ વિસ્તાર, જૂનું બસ સ્ટેન્ડ, સુરતી બજાર, જૂના બસ સ્ટેન્ડથી ઉનાઈ રોડ, તળાવ રોડ સહિતના અનેક વિસ્તારોમાં દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવતી જ નથી. અન્ય વિસ્તારોમાં માત્ર લારીગલ્લા ઊંચકવાની કામગીરીના નામે દેખાડો થાય છે. ચોક્કસ પૈસાદાર લોકોનાં દબાણો સામે મનસ્વીતા દાખવી તેઓ સામે આંખ આડા કાન કરી રહી હોવાથી લોકોમાં ભારે રોષ ફેલાઈ રહ્યો છે.

# સુમુલની બારડોલી બેઠકની પેટા ચૂંટણી માટે ત્રણ જણાએ ઉમેદવારી નોંધાવી

**હજી** 18મી સુધી ઉમેદવારીપત્રો સ્વીકારાશે

બારડોલી: સુમુલ ડેરીની બારડોલી બેઠકની પેટા ચૂંટણી માટે શુક્રવારે 23 બાદ આજે સોમવારના રોજ વધુ 12 ઉમેદવારીપત્ર ચૂંટણી લડવા ઈચ્છુક ઉમેદવારો લઈ ગયા છે. જ્યારે ત્રણ ઉમેદવારે સોમવારના રોજ ઉમેદવારી નોંધાવી હતી. ભાજપ તરફથી જિતેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલ (જીતુ બામણી)ને મેન્ડેટ આપવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. જો કે, તેની સામે ભાજપના જ જિતેન્દ્ર વાંસિયાના માણેકપોર ગામની મંડળીમાંથી વિરેન્દ્રસિંહ દોલતસિંહ ચાવડાએ ઉમેદવારી નોંધાવી છે. તો કાંટી ફળિયા દૂધ મંડળીમાંથી કોંગ્રેસ સમર્થિત સુરેશભાઈ રાનીયાભાઈ ચૌધરીએ ઉમેદવારી કરતાં ચૂંટણીમાં ભારે રસાકસી થવાની સંભાવના છે. ઉમેદવારીપત્રો લઈ ગયેલા બાકીના 30 ઉમેદવારમાંથી પણ કોઈ ઉમેદવારી નોંધાવે તો ચૂંટણી વધુ રોચક બની રહેશે.

જીતુ બામણીની ઉમેદવારીથી અજિત પટેલના સમર્થકો તેમની તરફેણમાં રહે તેવી શક્યતા છે. પરંતુ ભાજપ માટે ભાજપના જ પલસાણા તાલુકાના પ્રભારી જીતેન્દ્ર વાંસીયાના ગામના પ્રતિનિધિએ ઉમેદવારી કરતાં મુશ્કેલી ઊભી કરી છે. ત્યારે જીતેન્દ્ર વાંસિયાની પણ બરાબરની અગ્નિપરીક્ષા થવાની શક્યતાઓ દેખાઈ રહી છે. એક તરફ પક્ષ અને બીજી તરફ ગામ બંનેમાંથી કોને પ્રાધાન્ય આપશે તેના પર સૌની નજર રહેલી છે.

બારડોલી બેઠક પર 58 મતદારો પૈકી 25 જેટલા મતદારો આદિવાસી સમાજમાંથી આવે છે. આદિવાસી મતદારો ખૂબ જ મહત્ત્વના સાબિત થશે. હાલમાં એક પાટીદાર, એક રાજપૂત અને અન્ય કે ચૌધરી સમાજના ઉમેદવારે પોતાની ઉમેદવારી નોંધાવી છે. જો આદિવાસી મતદારો જે તરફ રહેશે તેનું પલ્લું ભારે રહેવાની સંભાવના છે. જો કે, હજી 18મી સુધી ઉમેદવારીપત્રો સ્વીકારવાના છે અને ત્યારબાદ ચકાસણી અને બાદમાં ઉમેદવારીપત્રો પરત ખેંચવાની પ્રક્રિયા બાદ જ સમગ્ર ચિત્ર સ્પષ્ટ થશે.

# 'એક કા ડબલ' સ્કીમમાં લોકોને ફસાવી ચિલ્ડ્રન બેન્ક ઓફ ઇન્ડિયાની નોટ ભેરવવાનું કારસ્તાન

**બે આરોપી** પાસેથી 50 બંડલ મળી આવ્યાં, રોકડા 78 હજાર ત્રણ ફોન અને કાર મળી રૂ.2.93 લાખનો મુદ્દામાલ કબજે

અંકલેશ્વર, ભરૂચ: ભરૂચ એલસીબીએ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસમથકની હદમાંથી શંકાસ્પદ ફોર વ્હીલ ગાડીમાંથી ભારતીય ચલણી નોટો જેવી ચિલ્ડ્રન બેન્ક ઓફ ઇન્ડિયા સાથે બે ઇસમને ઝડપી પાડ્યા હતા.

ભરૂચ એલસીબીના સ્ટાફ અંકલેશ્વર હાઇવે ઉપર ચેકિંગમાં હતો. દરમિયાન અર્ટિગા ગાડી નં.(એચ.આર.૨૬.બી.એસ.૯૫૫૫) આવતાં પોલીસે તેને અટકાવી ચાલક પાસે જરૂરી દસ્તાવેજો માંગતાં તેણે સંતોષકારક જવાબ નહીં આપતાં પોલીસને શંકાસ્પદ લાગતાં ગાડીમાં તપાસ કરતાં ગાડીમાંથી ભારતીય ચલણી નોટો જેવી ચિલ્ડ્રન બેન્ક ઓફ ઇન્ડિયાની બાળકોને રમવાની નોટોનાં બંડલ મળી આવ્યાં હતાં. પોલીસે આણંદના ૧૦૦ રોડ ઉપર આવેલ ગ્રીન પાર્ક સોસાયટીમાં રહેતા નઝીર હુસેન મલેક અને ધનસુખ ચીમનલાલ વૈદ્યની પૂછપરછ કરતાં બંને ઇસમે કબૂલાત કરી હતી કે, અમે અલગ અલગ જગ્યાએ ફરી લોકોને વિશ્વાસમાં લઇ તેમને એક કા ડબલની સ્કીમ આપી તેમની પાસેના અસલ રૂપિયા લઇ તેમને બાળકોને રમવાની નોટો આપીને તેમની સાથે છેતરપિંડી કરી છે. અગાઉ આવી રીતે છેતરપિંડી કરવાના આશરે પાંચથી છ ગુનામાં પકડાયેલા હોવાની પણ કબૂલાત કરી હતી.

પોલીસે બાળકોને રમવાના નોટોનાં બંડલ નંગ-૫૦ અને રોકડા રૂ.૭૮ હજાર તેમજ ત્રણ ફોન સહિત ફોર વ્હીલ ગાડી મળી કુલ રૂ.૨.૯૩ લાખનો મુદ્દામાલ કબજે લેવાયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઝડપાયેલો નઝીર મલેક અંકલેશ્વર શહેર અને સુરત સાયબર ક્રાઇમ પોલીસમથકના ગુનામાં સંડોવાયેલો હોવાનું જાણવા મળ્યું હતું.

# પુરી-અમદાવાદ અને સિકંદરાબાદ-રાજકોટ ટ્રેનમાંથી 30 કિલો ગાંજો ઝડપાયો

**સિકંદરાબાદ**-રાજકોટ ટ્રેનમાંથી એક ઈસમને અંદાજિત 18 કિલો ગાંજા સાથે ઝડપી લેવાયો

**રેલવે** SOGના ચેકિંગમાં પુરી-અમદાવાદ ટ્રેનમાં લાવારીસ બેગમાંથી 12 કિલો ગાંજો મળ્યો


સુરેશ ગાંધી

ભરૂચ, અંકલેશ્વર: અંકલેશ્વર-ભરૂચ વચ્ચે દોડી રહેલી 'પુરી-અમદાવાદ' ટ્રેનમાંથી રેલવે SOGએ અંદાજિત 12 કિલો ગાંજો ભરેલી બિનવારસી સ્કૂલબેગ હસ્તગત કરી છે. તો 'સિકંદરાબાદ-રાજકોટ' ટ્રેનમાંથી 18 કિલો ગાંજા સાથે એક ઈસમને ઝડપી પાડી કુલ 30.380 કિલો મળી રૂ.3,03,800નો મુદ્દમાલ જપ્ત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

રેલવે SOGનો સ્ટાફ સુરતથી મધરાતે પુરીથી અમદાવાદ જતી ટ્રેનમાં ચઢ્યો હતો. ટ્રેનમાં ચેકિંગ કરતાં મધરાતે 3 વાગ્યાના અરસામાં અંકલેશ્વર રેલવે સ્ટેશન પસાર થતા જનરલ કોચમાં પહોંચ્યા હતા. જ્યાં જનરલ કોચના ટોઈલેટ નજીક બિનવારસી સ્કૂલ બેગ મળી આવી હતી. જનરલ કોચમાં રહેલા પેસેન્જર્સ અને આસપાસ તપાસ કરતાં આ બેકપેક (બેગ) અંગે કોઈ માહિતી મળી ન હતી. પાંચ ચેઈનવાળી બેગને ખોલતાં તેમાં ખાખી સેલોટેપથી બાંધેલાં બે બંડલ મળી આવ્યાં હતાં, જેમાં શંકાસ્પદ વનસ્પતિજન્ય નશીલો પ્રદાર્થ માલૂમ પડતાં ભરૂચ સ્ટેશને બેગ સાથે ઊતરી GRPમાં બેકપેક લઈ જવાઈ હતી.

ભરૂચ રેલવે પોલીસ, સ્ટેશન અધિક્ષક સાથે FSLને જાણ કરી પંચોની હાજરીમાં બેગ ખોલતાં તેમાંથી 12 કિલો ઉપરાંતનો રૂ.1.21 લાખનો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. જે જપ્ત કરી વધુ તપાસ હાથ ધરાઈ છે. ટ્રેનમાં રેલવે પોલીસનું ચેકિંગ જોઈ કેરિયર ગાંજો ભરેલી બેગ બિનવારસી છોડી ફરાર થઈ ગયો હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. બીજા બનાવમાં સિકંદરાબાદ-રાજકોટ ટ્રેનમાંથી ઓરિસ્સાના 42 વર્ષીય ઋષિકેશ ગણપતિ સ્વાઈ પાસેથી 18 કિલો ઉપરાંત ગાંજાનો જથ્થો મળી આવતાં 1,81,000ના મુદ્દામાલ સાથે તેની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

# ભાલોદ વિભાગ શિક્ષક કો.ઓ. ક્રેડિટ સોસાયટીની સાધારણ સભા મળી


વિનોદ વસાવા

ઝઘડિયા: રાજપારડીની ભાલોદ વિભાગ શિક્ષક કો.ઓ.ક્રેડિટ સોસાયટીની વાર્ષિક ૫૮મી સાધારણ બેઠક યોજાઇ હતી. કાર્યક્રમની શરૂઆતમાં કન્યાશાળા રાજપારડીની બાળાઓએ સૌને સ્વાગતગીતથી આવકાર્યા હતા. આ પ્રસંગે મંડળીના ચેરમેન ઈશ્વર વસાવા તથા વાઈસ ચેરમેન દિલીપસિંહ ઘરિયા દ્વારા નિવૃત્ત શિક્ષકોનું સન્માન કરાયું હતું. તેમજ શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને પરિતોષિક અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ બેઠકમાં મંડળીના નવા વરાયેલ કાર્યવાહક મંડળની જાહેરાત કરવામાં આવી હતી. મંડળીના સેક્રેટરી રાજેશભાઈ રજવાડી દ્વારા મંડળીના વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંડળીની ધિરાણ નીતિ સંબંધિત માહિતી આપી ચાલુ સાલે ૧૫ ટકા ડિવિડન્ડની જાહેરાત કરવામાં આવી હતી.

# ઉંભેળની તરુણીને હરિપુરાનો યુવાન ભગાડી ગયો

**ટ્યુશને** જાઉં છું કહી તરુણી ઘરેથી નીકળી હતી, પરત ફરી જ નહીં

કામરેજ: ઉંભેળની 15 વર્ષની તરુણીને હરિપુરા ગામનો યુવાન લગ્ન કરવાની લાલચે ભગાડી ગયો હતો.

કામરેજના ઉંભેળ ગામે રહેતી અને કઠોદરાની શાળામાં ધો.11માં અભ્યાસ કરતી 15 વર્ષીય તરુણી ચાર દિવસ અગાઉ સવારે સ્કૂલે ગઈ હતી. બપોરે સ્કૂલ પરથી આવી ગયા બાદ માતા સવારે કામ પર ગઈ હતી અને પિતાને બપોરના ટિફિન બનાવી આપી ઘરે તરુણી અને ભાઈ ઘરે જ હતાં. બાદ સાંજે તરુણી દાદીને ટ્યુશને જવું છે તેમ કહીને જતી રહી બાદમાં મોડી સાંજ સુધી ઘરે પરત ન ફરતાં તરુણીની માતા નોકરી પરથી આવી તપાસ કરતાં કોઈ જગ્યાએ ન મળતાં તરુણીના પિતાને જાણ કરી ટ્યુશનમાં તપાસ કરતાં તરુણી ટ્યુશન આવી ન હતી.

બાદ જાણવા મળ્યું કે, તરુણીને લગ્નની લાલચે હરિપુરાનો યુવાન લઈ ગયો હતો. આથી તરુણીના પિતાએ કામરેજ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## વાગરાની સાયખા જીઆઈડીસીમાં ડ્રેનેજ લાઇન લીકેજ થતાં દોડધામ

ભરૂચ: વાગરાની સાયખા જીઆઈડીસી વિસ્તારમાં એમ.આર. ચોકડી નજીક જીઆઈડીસીની ડ્રેનેજ લાઇન લીકેજ થતાં દોડધામ મચી ગઈ હતી. અનેક ઉદ્યોગોમાંથી નીકળતું ગંદું પાણી બહાર લીક થતાં આસપાસના ઉદ્યોગકારોએ જીઆઈડીસી વિભાગને તાત્કાલિક ફરિયાદ કરતાં જીઆઈડીસી તંત્ર ઘટના સ્થળે દોડી આવ્યું હતું અને લીકેજ ડ્રેનેજની પાઇપલાઇનને બદલવાની કાર્યવાહી હાથ ધરી હતી. સોમવારે સાંજે 5 વાગ્યે GIDCના કર્મીઓએ કામગીરી આરંભી હતી.

## ઝઘડિયા આવેલી મહેસાણાની સગીરા રહસ્યમય સંજોગોમાં ગુમ

ઝઘડિયા: ઝઘડિયાના એક ગામેથી એક ૧૬ વર્ષ ૮ મહિનાની ઉંમરની સગીરા ગત તા.૧૦મીના રોજ ઘરેથી રહસ્યમય સંજોગોમાં ગુમ થઇ ગઇ હતી. મહેસાણાની આ સગીરાની માતા ઝઘડિયા તાલુકામાં રહેતી હોવાથી તેણીની માતા પાસે રહેવા આવી હતી. દરમિયાન સગીરા ઘરેથી રહસ્યમય સંજોગોમાં લાપતા થઇ જતાં આ બાબતે રહસ્ય સર્જાયું હતું. સગીરાના વાલીએ ઝઘડિયા પોલીસમાં આ સંદર્ભે અપહરણની ફરિયાદ લખાવી હતી.

# અંકલેશ્વરની MTM ગર્લ્સ હાઇસ્કૂલના કમ્પાઉન્ડમાં જામે છે 'દારૂની મહેફિલ'

**શૈક્ષણિક** સંસ્થાના કમ્પાઉન્ડમાં દારૂની મહેફિલ એક શરમજનક બાબત છે: વિપક્ષી નેતા

**કમ્પાઉન્ડની** સુરક્ષા માટે સિક્યુરિટી ગાર્ડ રાખવામાં આવ્યા છે: શિક્ષણ સમિતિના ચેરમેન


સુરેશ ગાંધી

કમ્પાઉન્ડમાં બે યુવાનનો દારૂ પીતો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ચકચાર મચી ગઈ છે.

ભરૂચ, અંકલેશ્વર: અંકલેશ્વરની MTM ગર્લ્સ હાઈસ્કૂલના કમ્પાઉન્ડમાં બે યુવાનનો દારૂ પીતો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. શૈક્ષણિક સંસ્થાના કમ્પાઉન્ડમાં જ દારૂની મહેફિલ બાબતે વિપક્ષના રફીક ઝઘડિયાવાલા દ્વારા નગરપાલિકાના શાસકો પર પ્રહાર કરવામાં આવ્યા હતા અને જણાવવામાં આવ્યું હતું કે, શૈક્ષણિક સંસ્થાના કમ્પાઉન્ડમાં દારૂની મહેફિલ એક શરમજનક બાબત છે. દારૂની મહેફિલના વાયરલ વિડીયો બાબતે શિક્ષણ સમિતિના ચેરમેન વિરલબહેન મકવાણાનું નિવેદન સામે આવ્યું હતું. જેમાં તેમણે જણાવ્યું હતું કે, કમ્પાઉન્ડની સુરક્ષા માટે સિક્યુરિટી ગાર્ડ રાખવામાં આવ્યા છે. શાળા પાછળ સોસાયટી હોવાથી લોકોની અવરજવર માટે માર્ગ ખુલ્લો રાખવામાં આવ્યો છે.

# નવાગામમાં જુગાર રમતા ચાર પકડાયા, સૂત્રધાર મહિલા વોન્ટેડ

કામરેજ: કામરેજ પોલીસને રવિવારે માહિતી મળી હતી કે, નવાગામ ખાતે નવી વસાહતના પાછળના ભાગે રસ્તા પર કેટલાક ઈસમ ગંજીપાના પર હારજીતનો જુગાર રમી રહ્યા છે. આ માહિતીના આધારે પોલીસે રેડ કરતાં જુગાર રમતા દેવ સંતોષ પટેલ (રહે.,નવાગામ કોલોની ફળિયું), સંજય જયંતી પટેલ (રહે.,નવાગામ કોલોની ફળિયું), રિયાઝ મહમંદ મકરાણી (રહે.,સહકારનગર, આંબોલી), ભાઈલાલ સુખદેવ માળી (રહે.,રામદેવનગર કોલોની, નવાગામ)ને પકડી પાડી દાવ પરના રોકડા રૂ.4600 તેમજ અંગજડતી કરતાં રૂ.6100, મોબાઈલ મળી કુલ રૂ.40700નો જુગાર ઝડપી પાડી પકડાયેલા ઈસમોની પૂછપરછ કરતાં જુગાર રમાડનાર મહિલા મનીષા સંજય પટેલને વોન્ટેડ જાહેર કરી હતી.

Milano
MULTIPLEX
બારડોલી
INDIAN 2
11:00am, 09:30pm
SARFIRA
10:00am, 01:00pm,
04:00pm, 07:00pm, 10:00pm
KALKI 2898 AD
02:30pm, 06:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

# ભરૂચ મઢુલી સર્કલ લૂંટ પ્રકરણમાં આરોપીની અટકાયત

**રૂ.૩.૧૫** લાખનો મુદ્દામાલ કબજે





ભરૂચ: તા.૧૩મી જુલાઈએ રાત્રે ૨૩.૩૦ કલાકે દહેજથી નોકરીને કરીને પરત ફરી રહેલો એક નોકરીયાત મઢુલી સર્કલ પાસે ઉતર્યો હતો. એ વેળા મારૂતિ બલેનો કાર લઈને આવેલા એક ચાલકે લીફ્ટની ઓફર કરી હતી. નોકરીયાત કારમાં બેસી ગયા બાદ કારચાલક પ્રદીપસિંહ રાજે એબીસી ચોકડીની આગળ આનંદ હોટલ પાસે આ કારમાં અન્ય બે મિત્રોને બેસાડાયા હતા. બાદમાં કારને અવાવરું જગ્યાએ લઈ ગયા ત્યાં કાર રોકીને નોકરીયાતને ઢીકાપાટુંનો માર મારીને ચપ્પુની અણીએ ATM કાર્ડ લુંટીને તેનો પીન નંબર માંગીને રૂ.૨૨ હજાર ઉપાડી લીધા હતા. ફરીવાર નોકરીયાતને મઢુલી સર્કલ પાસે ઉતારીને જાનથી મારી નાંખવાની ધમકી આપીને જતા રહ્યા હતા. આ ઘટના બાદ ભરૂચ એ ડીવીઝને લૂંટનો ગુનો નોંધ્યો હતો.

પોલીસે આ ઘટનામાં સંકળાયેલા ઈસમોના ફોટોગ્રાફ્સ નોકરિયાતને બતાવતા તે પ્રદીપસિંહ રાજને ઓળખી ગયો હતો, જેના આધારે પોલીસે સુત્રધાર પ્રદીપસિંહ અજીતસિંહ રાજ (ઉ.વ.૨૭) રહે-૨૩૯૧,અયોધ્યાનગર, સંતોષી માતાના મંદિર પાસે,તા.જી.ભરૂચને ઝડપી પાડીને એક કાર રૂ.૩ લાખ, ૧ ચપ્પુ અને રોકડા રૂ.૧૫,૪૫૦/- મળીને કુલ રૂ.૨,૧૫,૪૫૦/- મત્તાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પ્રદીપસિંહ રાજ સામે વર્ષ-૨૦૧૭માં પણ ગુનો નોંધાયો છે.

**જાહેર નોટીસ** કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૬૧/૨૦૨૪ તા. ૧૮/૦૬/૨૦૨૪

વાદી:- વસાવા દેવ્યાનીબેન મહેશભાઇ, રહે. વડગામ, લેંગડી ફળિયું, તા. ઉમરપાડા, જી. સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી:- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી વડગામ ગ્રામ પંચાયત, તા. ઉમરપાડા, જી. સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી વસાવા દેવ્યાનીબેન મહેશભાઇ, રહે. વડગામ, લેંગડી ફળિયું, તા. ઉમરપાડા, જી. સુરતએ તેઓ પુત્ર દેવકુમાર મહેશભાઇ વસાવાનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: દેવકુમાર મહેશભાઇ વસાવા ૨. જન્મ તારીખ: ૦૧/૦૯/૨૦૧૯ ૩. જન્મનું સ્થળ: મોજે. વડગામ, તા. ઉમરપાડા, જી. સુરત સબબ, ઉપરોક્ત વિગતે દેવકુમાર મહેશભાઇ વસાવાના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-30માં અથવા આ કામની સુનાવણી તા.૧૫/૦૭/૨૦૨૪ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૮/૦૬/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી :- (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી જિ.સુરત

**જાહેર નોટીસ** વિ.જે.ભંડારી, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, સીટી પ્રાંત, સુરતની કોર્ટમાં

નં.જ.મ.પ્ર/એસ.આર.નં. ૪૪૮/ ૨૦૨૪ તા.03/07/૨૦૨૪

વાદી:- સરીતાદેવી નન્દલાલસિંહ ચંદ્રવંશી, રહે.બી/૨૬, પટેલ ટાઉનશીપ વિ-૨, ભૈરવ રોડ, કામરેજ, સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી:- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી, સુરત મહાનગર પાલિકા સુરત

વિષય:- જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી સરીતાદેવી નન્દલાલસિંહ ચંદ્રવંશી, રહે. બી/૨૬, પટેલ ટાઉનશીપ વિ- ૨, ભૈરવ રોડ, કામરેજ, સુરતના પુત્ર સિંહ રવિકુમાર નંદલાલ ચંદ્રવંશીનું જન્મ તા.15/05/2007 ના રોજ પુણા ગામ, સુરત ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચૂકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-30 માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઇસમોએ નોંધ લેવી.

આજ રોજ તા. 03/07/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

(વિ.જે.ભંડારી)
સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, અને નાયબ કલેકટર, સીટી પ્રાંત, સુરત.

**જાહેર નોટીસ** વિ.જે.ભંડારી, સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, સીટી પ્રાંત, સુરતની કોર્ટમાં

નં.જ.મ.પ્ર/એસ.આર.નં. ૪૪૭/ ૨૦૨૪ તા.03/07/૨૦૨૪

વાદી:- સરીતાદેવી નન્દલાલસિંહ ચંદ્રવંશી, રહે.બી/૨૬, પટેલ ટાઉનશીપ વિ-૨, ભૈરવ રોડ, કામરેજ, સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી:- જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી, સુરત મહાનગર પાલિકા સુરત

વિષય:- જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મ/મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારશ્રી સરીતાદેવી નન્દલાલસિંહ ચંદ્રવંશી, રહે. બી/૨૬, પટેલ ટાઉનશીપ વિ-૨, ભૈરવ રોડ, કામરેજ, સુરતના પુત્ર સિંગ સાહિલકુમાર નંદલાલ ચંદ્રવંશીનું જન્મ તા.07/01/2005 ના રોજ પુણા ગામ, સુરત ખાતે થયેલ છે. અને તેઓના જન્મની નોંધણી જે-તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચૂકથી કરાવવાની રહી ગયેલી છે. તેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-30 માં વાંધો રજૂ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતાં-વળગતાં ઇસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.03/07/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

(વિ.જે.ભંડારી)
સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, અને નાયબ કલેકટર, સીટી પ્રાંત, સુરત.

**જાહેર નોટીસ** કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ. માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૪૨/૨૦૨૪ તા. ૧૮/૦૬/૨૦૨૪

વાદી:- ઇશ્વરભાઇ માકાભાઇ ચૌધરી, રહે. નંદપોર, નવું ફળિયું, તા. માંડવી, જી. સુરત.

વિરૂધ્ધ

પ્રતિવાદી:- જન્મ-મરણ રજિસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી નંદપોર ગ્રામ પંચાયત, તા. માંડવી, જી. સુરત

વિષય:- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ઇશ્વરભાઇ માકાભાઇ ચૌધરી, રહે. નંદપોર, નવુ ફળિયું, તા.માંડવી, જી. સુરતએ તેઓના પુત્રી લીલાબેન ઇશ્વરભાઇ ચૌધરીનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અંગેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: લીલાબેન ઇશ્વરભાઇ ચૌધરી ૨. જન્મ તારીખ: ૧૩/૦૫/૧૯૬૬ ૩. જન્મનું સ્થળ: મોજે. નંદપોર, તા. માંડવી, જી. સુરત. સબબ, ઉપરોક્ત વિગતે લીલાબેન ઇશ્વરભાઇ ચૌધરીના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-30માં અથવા આ કામની સુનાવણી તા. ૧૫/૦૭/૨૦૨૪ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઇને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૮/૦૬/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી :- (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી જિ.સુરત